| | |
|---|---|
| 1. | 'કોડભરી અંગના, તારા ને અંગમહીં રંગ શા અનંગના !'<br>ઉપર્યુક્ત પંક્તિનો અલંકાર દર્શાવો.<br>(A) અંત્યાનુપ્રાસ (B) શબ્દાનુંપ્રાસ (C) વ્યતિરેક (D) વર્ણાનુપ્રાસ |
| 2. | 'પાણી' – સંજ્ઞાનો પ્રકાર દર્શાવો.<br>(A) જાતિવાચક સંજ્ઞા (B) દ્રવ્યવાચક સંજ્ઞા (C) વ્યક્તિવાચક સંજ્ઞા (D) ભાવવાચક સંજ્ઞા |
| 3. | 'મહેનત' સંજ્ઞાનો પ્રકાર દર્શાવો.<br>(A) જાતિવાચક સંજ્ઞા (B) ભાવવાચક સંજ્ઞા (C) વ્યક્તિવાચક સંજ્ઞા (D) દ્રવ્યવાચક સંજ્ઞા |
| 4. | 'ભારત' સંજ્ઞાનો પ્રકાર દર્શાવો.<br>(A) જાતિવાચક સંજ્ઞા (B) વ્યક્તિવાચક સંજ્ઞા (C) ભાવવાચક સંજ્ઞા (D) દ્રવ્યવાચક સંજ્ઞા |
| 5. | 'દોરડું' – સંજ્ઞાનો પ્રકાર દર્શાવો.<br>(A) વ્યક્તિવાચક સંજ્ઞા (B) ભાવવાચક સંજ્ઞા (C) દ્રવ્યવાચક સંજ્ઞા (D) જાતિવાચક સંજ્ઞા |
| 6. | 'એવામાં એક આનંદના સમાચાર આવ્યા' – વાક્યમાં કર્તા-પદ 'સમાચાર' શું છે ?<br>(A) સંજ્ઞા (B) સર્વનામ (C) વિશેષણ (D) કૃદંત |
| 7. | નીચેના વાક્યમાં લીટી દોરેલા શબ્દના નામનો સાચો પ્રકાર જણાવો.<br>આજે ગોળમાંથી <u>ગળપણ</u> ચાલ્યું ગયું છે<br>(A) ભાવવાચક (B) સંજ્ઞા વાચક (C) દ્રવ્ય વાચક (D) ગુણવાચક |
| 8. | નીચેના વાક્યમાં લીટી દોરેલા શબ્દના નામનો સાચો પ્રકાર જણાવો.<br>અંદાજપત્રમાં <u>સરકારે</u> કરોડો રૂપિયાના વેરા ઝીંકયા છે.<br>(A) ગુણવાચક (B) કર્તૃવાચક (C) સમૂહવાચક (D) માનવાચક |
| 9. | 'આપણે' – સર્વનામનો પ્રકાર દર્શાવો.<br>(A) પુરુષ વાચક (B) દર્શક (C) અનિશ્ચય વાચક (D) પ્રશ્ન વાચક |
| 10. | 'કોઈ આવી રહ્યું છે' વાક્યમાં 'કોઈ' કયા પ્રકારનું સર્વનામ છે ?<br>(A) દર્શક (B) પુરુષ વાચક (C) અનિશ્ચય વાચક (D) પ્રશ્ન વાચક |
| 11. | 'આણે મને માર્યો' વાક્યમાં 'આણે' કયા પ્રકારનું સર્વનામ છે ?<br>(A) પુરુષ વાચક (B) અનિશ્ચય વાચક (C) દર્શક (D) પ્રશ્ન વાચક |
| 12. | 'આ સમજવું સહેલું નથી.' વાક્યમાં 'સમજવું' નીચેના પૈકી શું છે ?<br>(A) કૃદંત (B) સંજ્ઞા (C) સર્વનામ (D) વિશેષણ |
| 13. | 'આ ચિત્રો કોણે દોર્યા ?' વાક્યમાં 'કોણે' કર્તા-પદ નીચે પૈકી શું છે ?<br>(A) વિશેષણ (B) કૃદંત (C) સર્વનામ (D) સંજ્ઞા |
| 14. | નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ જણાવો.<br>પ્રત્યક્ષ<br>(A) પરોક્ષ (B) આંખ સામે (C) સમક્ષ (D) નિષ્પક્ષ |

| | |
|---|---|
| 15. | નીચે દર્શાવેલ વિરુદ્ધાર્થી શબ્દો પૈકી કઈ જોડી સાચી છે ? |
| | (A) મુદ્રિત - હસ્તલિખિત (B) યાચક - ભિક્ષુક (C) સ્થૂળ - સ્થાવર (D) શુક્લ પક્ષ - અજવાળીયુ |
| 16. | નીચે દર્શાવેલ શબ્દો "પ્રમાણ" નો અર્થ ધરાવે છે, જેમાં એક અર્થ ખોટો છે તે કયો? |
| | (A) ગુણોત્તર (B) યથાર્થ જ્ઞાનનું સાધન (C) પુરાવો (D) પ્રણામ |
| 17 | નીચેનામાંથી કયો શબ્દ 'અખિલ' શબ્દનો સમાનાર્થી નથી ? |
| | (A) અચલ (B) નિખિલ (C) અખંડ (D) સકલ |
| 18. | નીચે દર્શાવેલી વિરુદ્ધાર્થી શબ્દોની કઈ જોડી ખોટી છે ? |
| | (A) ઉખર -- ફળદ્રુપ (B) આપકર્મી -- સ્વકર્મી |
| | (C) આધ્યાત્મિક -- આધિભૌતિક (D) અધોબિંદુ -- શિરોબિંદુ |
| 19. | વિરુદ્ધાર્થી શબ્દ આપો - <u>વિગ્રહ</u> |
| | (A) ગ્રહ (B) યુદ્ધ (C) સમાસ (D) લડાઈ |
| 20. | વાકયમાં ક્રિયા દર્શાવનાર અને વાકયના અર્થને પૂર્ણ કરનાર શબ્દને શું કહેવાય છે. |
| | (A) સર્વનામ (B) વિશેષણ (C) નામ (D) ક્રિયાપદ |
| 21. | નીચેનામાંથી કયું જોડકું ખોટું છે ? |
| | (A) રમત-ક્રીડા (B) સમય-કાળ (C) અવાજ-ગુસ્સો (D) સ્મરણ-યાદ |
| 22. | નીચેનામાંથી 'પુષ્પ'નો સમાનાર્થી શબ્દ જણાવો. |
| | (A) નિશા (B) તરૂ (C) કુસુમ (D) લતા |
| 23. | 'રાત-દિવસ' માટે કયો શબ્દ યોગ્ય છે ? |
| | (A) અહર્નિશ (B) અમૂલખ (C) અજિંક્ય (D) અરુણોદય |
| 24. | 'સિંહ'નો પર્યાય ન હોય એવો શબ્દ શોધો. |
| | (A) સાવજ (B) વનરાજ (C) કેસરી (D) કપિલ |
| 25. | 'પાવક' શબ્દનો યોગ્ય વિરોધી શોધો. |
| | (A) પુણ્ય (B) પવિત્ર (C) અગ્નિ (D) અપવિત્ર |
| 26. | નીચેના પૈકી કયો શબ્દ 'રાજા'નો પર્યાય નથી ? |
| | (A) ક્ષિતિપાલ (B) મહીપાલ (C) ભૂદેવ (D) નૃપતિ |
| 27. | મહોરાના માણસ એટલે શું ? |
| | (A) કોઈ વ્યક્તિના પ્રતિનિધિ |
| | (B) જેનુ સાચું વ્યક્તિત્વ બહાર ન આવે તે વ્યક્તિ |
| | (C) પડદા પાછળ રહીને કામ કરતો માણસ |
| | (D) સોનમહોર જેવા મૂલ્યવાન વ્યક્તિ |
| 28. | નીચેના શબ્દની છૂટી પાડેલી સાચી સંધિ જણાવો. |
| | ધર્મિષ્ઠ |
| | (A) ધમ + રિષ્ઠ (B) ધર્મ + ઈષ્ઠ (C) ધમ + ઈષ્ઠ (D) ધર્મિ + ઈષ્ઠ |

Downloaded from www.rijadeja.com

| | |
|---|---|
| 29. | 'અન્નજળ ઊઠવું' રૂઢિપ્રયોગનો અર્થ દર્શાવો.<br>(A) જીવવા જેવી સ્થિતિ ન હોવી (B) પૂરમાં પાક નષ્ટ થવો<br>(C) દુકાળ પડવો (D) ભૂખે મરવું |
| 30. | નીચેના પૈકી કયો રૂઢિપ્રયોગ 'નિરર્થક પ્રયત્ન કરવો' એવો અર્થ દર્શાવતો નથી ?<br>(A) રજનું ગજ કરવું (B) પાણીમાં લીટા કરવા<br>(C) ફીફાં ખાંડવા (D) ધૂમાડાના બાચકા ભરવા |
| 31. | નીચેના પૈકી કયો રૂઢિપ્રયોગ 'નકામો પ્રયાસ કરવો' એવો અર્થ આપતો નથી ?<br>(A) પાણી વલોણું કરવું (B) ચીંથરાં ફાડવાં (C) ગોદડે ગાંઠ વાળવી (D) રાઈનો પહાડ કરવો |
| 32. | નીચેના પૈકી કયો રૂઢિપ્રયોગ 'એક નાની વાતને મોટુ સ્વરૂપ આપવુ' એવો અર્થ આપતો નથી. ?<br>(A) વાતનું વતેસર થવું (B) કાગનો વાઘ થવો<br>(C) પાણીમાં લીટા કરવા (D) રામમાંથી રામકહાણી થવી |
| 33. | 'દાંત ખાટા કરવા' રૂઢિપ્રયોગનો અર્થ દર્શાવો.<br>(A) બેઈજ્જત કરવું (B) ખાટું ખાવું (C) દાંત પર ખટાશ લગાવવી (D) પરાજિત કરવું |
| 34. | 'કાન ફૂંકવા' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?<br>(A) ભંભેરણી કરવી (B) કાનમાં ફૂંક મારવી (C) કાનાફૂસી કરવી (D) નિંદા કરવી |
| 35. | 'આંખ મીંચામણાં કરવા' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?<br>(A) આંખ ઉઘાડ-બંધ કરવી (B) તાકીતાકીને જોવું<br>(C) જોયા પછી યાદ રાખવું (D) જોયું ન જોયું કરવું |
| 36. | 'આંખ ઉઘડવી' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?<br>(A) આંખો ખુલ્લી થવી (B) પશ્ચાતાપ થવો (C) પરિસ્થિતિ સમજવી (D) ઊંઘમાંથી ઊઠવું |
| 37. | 'લક્ષ્મણ રેખા' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?<br>(A) સીમા-રેખા (B) લક્ષ્મણે દોરેલી રેખા (C) લજ્જા (D) મર્યાદા |
| 38. | 'ટાઢ-તડકા વેઠવાં' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?<br>(A) ઠંડી-ગરમી સહેવી (B) અપમાન સહન કરવું<br>(C) સુખ-દુઃખ સહન કરવાં (D) શિયાળો-ઉનાળો પસાર કરવો. |
| 39. | 'ધૂળ ખંખેરવી' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?<br>(A) ધૂળ સાફ કરવી (B) ખૂબ ધમકાવવો (C) સફાઈ કરવી (D) ખૂબ પ્રશંસા કરવી |
| 40 | "બહુ દુઃખ પડવું" તેવો અર્થ નીચે પૈકી કયા રૂઢિપ્રયોગનો થાય છે ?<br>(A) માથાનો ખેલ (B) માથે ઝાડ ઉગવા (C) માથું ઊંચું રાખવું (D) માથું હાથમાં રાખવું |
| 41. | "આરોગ્ય બગડવું" તેવો અર્થ નીચે પૈકી કયા રૂઢિપ્રયોગનો થાય છે ?<br>(A) પાણી વલોવવું (B) પાણી ફેરવવું (C) પાણી જોવું (D) પાણી લાગવું |

Downloaded from www.rijadeja.com

42. 'ચાર દિવસની ચાંદની' રૂઢિપ્રયોગનો અર્થ આપો.

(A) ચાર દિવસનું અજવાળું  (B) અલ્પકાલીન દુ:ખ

(C) દીર્ઘકાલીન સુખ  (D) થોડા સમયનું સુખ

43. શહેરમાં નોકરી મેળવવા છોકરાએ ઘણા ઉધામા કર્યા. વાક્યનો પ્રકાર કયો છે ?

(A) વિધિવાક્ય  (B) ઉદ્ ગાર વાક્ય  (C) વિધાનવાકય  (D) પ્રશ્નવાક્ય

44. નીચેના વાક્ય માટેનું સાચૂં કર્મણિ વાક્ય કયું છે ?

દાદા કેસરી સિંઘ રેડિયો સાંભળે છે.

(A) દાદા કેસરીસિંઘ રેડિયા વડે સાંભળે છે.

(B) દાદા કેસરી સિંઘનો રેડિયો સંભળાય છે.

(C) દાદા કેસરી સિંઘથી રેડિયો સંભળાય છે.

(D) દાદા કેસરીસિંઘ વડે રેડિયો સાંભળે છે.

45. 'પડદો ખુલ્યો પણ નાટક ભજવાયું નહીં' – કયા પ્રકારનું વિધાન છે ?

(A) સાદું વિધાન  (B) સંયુક્ત વિધાન  (C) સંકુલ વિધાન  (D) જટિલ

46. 'નળને જે રીતે ઉઘાડવાનો હોય અને બંધ કરવાનો હોય તે જ રીતે તેને ઉઘાડી બંધ કરવો જોઈએ' – આ વાક્ય કયા પ્રકારનું છે ?

(A) સાદું  (B) સંકુલ  (C) મિશ્ર  (D) સંયુક્ત

47. નીચેના વાક્યમાં કયા વિભાગમાં ભૂલ છે. ?

| રા'ખેંગાર | નાટકમાં | રમેશ | રાણકદેવી બની. |
|---|---|---|---|
| A | B | C | D |

(A) A  (B) B  (C) C  (D) D

48. નીચેના વાક્યમાં કયા વિભાગમાં ભૂલ છે ?

| જન્મદિવસની | પાર્ટીમાં | તમે | સહકુટુંબ સહિત આવજો |
|---|---|---|---|
| A | B | C | D |

(A) A  (B) B  (C) C  (D) D

49. નીચેના વાક્યમાં કયા વિભાગમાં ભૂલ છે ?

| વિશ્વમાં | આઈન સ્ટાઈન | નામે એક વૈજ્ઞાનિક | થઈ ગયો. |
|---|---|---|---|
| A | B | C | D |

(A) A  (B) B  (C) C  (D) D

50. નીચેના પૈકી કયો શબ્દ 'પુત્ર'નો પર્યાય નથી ?

(A) દનુજ  (B) સુત  (C) તનુજ  (D) નન્દન

51. નીચેના પૈકી કયો શબ્દ 'પહાડ' નો પર્યાય નથી ?

(A) નગ  (B) અભ્ર  (C) શૈલ  (D) અદ્રિ

Downloaded from www.rijadeja.com

| | |
|---|---|
| 52. | નીચેના પૈકી કયો શબ્દ 'સમુદ્ર' નો પર્યાય નથી ?<br>(A) મણિધર (B) અર્ણવ (C) અબ્ધિ (D) રત્નાકર |
| 53. | નીચેના શબ્દસમૂહ માટેનો સાચો શબ્દ જણાવો.<br>ઉપમા ન આપી શકાય તેવું<br>(A) અનુપમ (B) નિરુપમા (C) નિરુપમ (D) અનુપમા |
| 54. | 'વીજળીવેગ' – સમાસનો પ્રકાર દર્શાવો.<br>(A) ઉપપદ (B) તત્પુરુષ (C) દ્વન્દ્વ (D) કર્મધારય |
| 55. | 'મહત્વાકાંક્ષા' સમાસનો પ્રકાર દર્શાવો<br>(A) મધ્યમપદલોપી (B) કર્મધારય (C) તત્પુરુષ (D) બહુવ્રીહિ |
| 56. | 'માથાબોળ' સમાસનો પ્રકાર દર્શાવો.<br>(A) ઉપપદ (B) તત્પુરુષ (C) કર્મધારય (D) બહુવ્રીહિ |
| 57. | 'નખશિખ' સમાસનો પ્રકાર દર્શાવો<br>(A) કર્મધારય (B) તત્પુરુષ (C) બહુવ્રીહિ (D) મધ્યમપદલોપી |
| 58. | નીચે દર્શાવેલ સામાસિક શબ્દનો સાચો સમાસ લખો.<br>આગગાડી<br>(A) દ્વિગુ (B) મધ્યમપદલોપી (C) દ્વન્દ્વ (D) કર્મધારય |
| 59. | 'કૃતાર્થ' કયા પ્રકારનો સમાસ છે ?<br>(A) કર્મધારય (B) ઉપપદ (C) બહુવ્રીહિ (D) તત્પુરુષ |
| 60. | 'ગુલછડી સમોવડી સુંદર તે બાલિકા હતી.' આ પંક્તિમાં કયો અલંકાર છે ?<br>(A) ઉપમા (B) અતિશયોક્તિ (C) ઉત્પ્રેક્ષા (D) રૂપક |
| 61. | 'અમે રે સૂકું રૂનું પૂમડું,<br>તમે અત્તર રંગીલા રસદાર'<br>આ પંક્તિઓનો અલંકાર ઓળખાવો.<br>(A) ઉપમા (B) ઉત્પ્રેક્ષા (C) રૂપક (D) વ્યતિરેક |
| 62. | 'આ ઝાલાવાડી ધરતી !<br>વિરાટ જાણે ખુલ્લી હથેળી સમતલ ક્ષિતિજે ઢળતી !<br>આ પંક્તિઓનો અલંકાર ઓળખાવો.<br>(A) ઉપમા (B) રૂપક (C) સજીવારોપણ (D) ઉત્પ્રેક્ષા |
| 63. | 'વ્યોમ તો વ્યોમના જેવું, સિંધુ યે સિંધુના સમો'<br>- આ પંક્તિનો અલંકાર ઓળખાવો.<br>(A) રૂપક (B) વ્યતિરેક (C) અનન્વય (D) સ્વાભાવોક્તિ |

| | |
|---|---|
| 64. | 'પાદરેથી રસ્તાઓ પાછા વળશે રે લઈ લેણ દેણ તૂટયાનું શૂળ'.<br>આ પંક્તિનો અલંકાર ઓળખાવો.<br>(A) શ્લેષ (B) અતિશયોક્તિ (C) વ્યતિરેક (D) અનન્વય |
| 65. | નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ જણાવો.<br>રુચિ<br>(A) ભૂખ (B) અરુચિ (C) તૃપ્તિ (D) કુરુચિ |
| 66. | 'કાને ધરવું' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?<br>(A) કાનમાં પહેરવું (B) વાત સાંભળવી<br>(C) કાન ઉપર ધારણ કરવું (D) કહ્યા પર લક્ષ આપવું |
| 67. | 'આંખો ઠરવી' રૂઢિપ્રયોગનો અર્થ દર્શાવો.<br>(A) ઠંડીમાં આંખો ઠરી જવી (B) ટીકીટીકીને જોવું<br>(C) જીવને શાંતિ થવી (D) આશ્ચર્યથી જોવું |
| 68. | 'માથું આપવું' રૂઢિ પ્રયોગનો અર્થ શું થાય ?<br>(A) બલિદાન આપવું (B) માથું અર્પણ કરવું (C) માથા સાટે માથું આપવું (D) સમર્પણ કરવું |
| 69. | નીચેના શબ્દસમૂહ માટેનો શબ્દ જણાવો.<br>ઘરમાં ચાલતો ઉદ્યોગ<br>(A) લઘુ ઉદ્યોગ (B) ઘરઘરાઉં (C) ચલિતોદ્યોગ (D) ગૃહ ઉદ્યોગ |
| 70. | "દગો કરવો" એવો અર્થ નીચે પૈકી કયા રૂઢિપ્રયોગનો થાય છે. ?<br>(A) પગ ભાંગવા (B) પગ પહોળા કરવા (C) પગ પાછા પડવા (D) પગ ભારે થવા |
| 71. | નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ જણાવો.<br>અમૃત<br>(A) મિષ્ઠ (B) મધુર (C) વિષ (D) મીઠું |
| 72. | 'સિન્ધૂર્મિ'ની નીચેના પૈકી કઈ સન્ધિ સાચી છે ?<br>(A) સિન્ધૂ + ઉર્મિ (B) સિન્ધુ + ઉર્મિ (C) સિન્ધૂ + ઊર્મિ (D) સિન્ધુ + ઊર્મી |
| 73. | 'માત્રાદેશ'ની નીચેના પૈકી કઈ સન્ધિ સાચી છે ?<br>(A) માતૃ + આદેશ (B) માત્ર + આદેશ (C) માત્રા + દેશ (D) માત્રા + આદેશ |
| 74. | નીચે દર્શાવેલ સંધિઓની જોડીઓ પૈકી કઈ જોડી ખોટી છે. ?<br>(A) ભાનુ + ઉદય = ભાનૂદય (B) નિઃ + રસ = નિરસ<br>(C) નિઃ + રવ = નીરવ (D) સુ + સુપ્ત = સુષુપ્ત |
| 75. | નીચેના શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો.<br>અંબર<br>(A) મેઘાડંબર (B) આકાશ (C) સાડી (D) અંબાર |

Downloaded from www.rijadeja.com

| | |
|---|---|
| 76. | 'લોભિયો લટકી પડયો' વાક્યમાં કર્તાપદ 'લોભિયો' શું છે ?<br>(A) સર્વનામ (B) કૃદંત (C) સંજ્ઞા (D) વિશેષણ |
| 77. | 'વાઘ આસપાસ જોવાની જરાય દરકાર કરતો ન હોતો' આ વાક્યમાં 'આસપાસ' કયા પ્રકારનું ક્રિયાવિશેષણ છે ?<br>(A) પ્રમાણવાચક (B) સ્થળવાચક (C) સમયવાચક (D) રીતિવાચક |
| 78. | 'અખાડે હું કદી ગયો નથી' વાક્યમાં 'કદી' કેવા પ્રકારનું ક્રિયાવિશેષણ છે ?<br>(A) સ્થળવાચક (B) સમયવાચક (C) રીતિવાચક (D) પ્રમાણવાચક |
| 79. | આવડુ મોટું શહેર ! વિશેષણનો પ્રકાર કયો છે ?<br>(A) ગુણવાચક (B) સંખ્યાવાચક (C) ક્રિયાવાચક (D) સાર્વનામિક |
| 80. | જ્યારે આગ લાગે છે ત્યારે ધુમાડો નીકળે છે. રેખાંકિત પદ શું છે ?<br>(A) નિપાત (B) સંયોજક (C) વિશેષણ (D) સર્વનામ |
| 81. | 'વાંચશો તો પાસ થશો' – વાક્યમાં 'તો' શું છે ?<br>(A) વિશેષણ (B) નિપાત (C) ક્રિયાવિશેષણ (D) સંયોજક |
| 82. | તમારા કારણે જ આ બધું થયું છે – નિપાત ઓળખાવો.<br>(A) આ (B) બધું (C) કારણે (D) જ |
| 83. | 'એ અંતે પાસ તો થયો' – વાક્યમાં 'તો' શું છે ?<br>(A) સંયોજક (B) નિપાત (C) વિશેષણ (D) ક્રિયાવિશેષણ |
| 84. | 'તમે મને કારણ કહ્યું ખરું' – વાક્યમાં 'ખરું' શું છે ?<br>(A) સંયોજક (B) વિશેષણ (C) ક્રિયાવિશેષણ (D) નિપાત |
| 85. | 'જે જે થતો પ્રાપ્ત ઉપાધિયોગ<br>બની રહી તે જ સમાધિયોગ.'<br>આ પંક્તિઓનો છંદ ઓળખાવો.<br>(A) ઈન્દ્રવજ્રા (B) ઉપેન્દ્રવજ્રા (C) તોટક (D) ઉપજાતિ |
| 86. | નીચેની કાવ્યપંક્તિનો છંદ ઓળખાવો<br>'ના મારે તુજ ભેટ બક્ષિસ ન વા તારી કૃપા જોઈએ.'<br>(A) મન્દાક્રાન્તા (B) શિખરિણી (C) શાર્દૂલવિક્રીડિત (D) સ્ત્રગ્ધરા |
| 87. | હરિગીત છંદમાં કેટલી માત્રા હોય છે. ?<br>(A) બાર (B) સોળ (C) એકવીસ (D) અઠ્ઠાવીસ |
| 88. | 'સાચું બોલનાર કયાં છે ?' – આ વાક્યમાં કર્તા-પદ 'બોલનાર' એ શું છે ?<br>(A) કૃદંત (B) સંજ્ઞા (C) સર્વનામ (D) વિશેષણ |
| 89. | નીચેના વાક્યમાં રેખાંકિત શબ્દની સાચી વિભક્તિ જણાવો<br>**ઋતુમાં** ઋતુ એટલે વસંત<br>(A) સાતમી વિભક્તિ (B) પંચમી વિભક્તિ (C) તૃતીય વિભક્તિ (D) પ્રથમ વિભક્તિ |

Downloaded from www.rijadeja.com

| | | | | |
|---|---|---|---|---|
| 90. | 'મુક્તિ' શબ્દમાં કેટલા વ્યંજનો છે ? | | | |
| | (A) ત્રણ | (B) બે | (C) પાંચ | (D) ચાર |
| 91. | પૂર્વ પ્રત્યય કયા શબ્દમાં છે ? | | | |
| | (A) શેઠાણી | (B) સ્વામીજી | (C) સુમધુર | (D) બંધુત્વ |
| 92. | નીચેના વાક્યમાં પ્રયોજાયેલો સાચો કાળ જણાવો<br>ગયા વર્ષે મોંઘવારી વધી ગઈ હતી. | | | |
| | (A) સાદો ભૂતકાળ | (B) ચાલુ ભૂતકાળ | (C) સંપૂર્ણ ભૂતકાળ | (D) સંપૂર્ણ વર્તમાનકાળ |
| 93. | નીચેના દર્શાવેલ શબ્દોમાં કયા શબ્દની જોડણી સાચી છે. ? | | | |
| | (A) સંન્યાસીની | (B) અનુભુતિ | (C) ઉંધણશી | (D) ચિચિયારી |
| 94. | નીચેના પૈકી કઈ જોડણી સાચી છે? | | | |
| | (A) સિર્શક | (B) શિર્શક | (C) શીર્ષક | (D) શિર્ષક |
| 95. | નીચેના પૈકી કયા શબ્દની જોડણી ખોટી છે ? | | | |
| | (A) ક્ષણિક | (B) છીછરું | (C) ગિરફતાર | (D) ચુંટણી |
| 96. | નીચેના પૈકી કયા શબ્દની જોડણી સાચી છે ? | | | |
| | (A) ગણતરી | (B) ગણત્રી | (C) કારકીર્દી | (D) આલિશાન |
| 97. | નીચેના પૈકી કયા શબ્દની જોડણી સાચી છે ? | | | |
| | (A) અનૂભુતી | (B) આબરુ | (C) આકૃતી | (D) આશિષ |
| 98. | નીચે દર્શાવેલ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો.<br>અવજ્ઞા | | | |
| | (A) ઉપેક્ષા | (B) અપેક્ષા | (C) નિરિક્ષા | (D) આજ્ઞા |
| 99. | નીચેના શબ્દસમૂહ માટેનો સાચો સામાસિક શબ્દ જણાવો.<br>યશ આપનાર | | | |
| | (A) યશદાયી | (B) તેજસ્વી | (C) યશોદા | (D) યશસ્વી |
| 100. | શબ્દસમૂહ માટેનો એક શબ્દ દર્શાવતી નીચેની જોડીઓ પૈકી કઈ જોડી સાચી નથી.<br>(A) વૃદ્ધાવસ્થા કે મૃત્યુ ન આવે તેવું – અજરામર<br>(B) સાવ અસંભવિત હોય તેવું – આકાશકુસુમવત<br>(C) પોતાની જાત સાથેની છેતરપિંડી – આત્મવંચના<br>(D) જેના પર તહોમત મૂકાયુ હોય તે – વાદી | | | |
| 101. | નીચે દર્શાવેલ સંધિ માટેનો સાચો શબ્દ જણાવો. પ્ર + અર્થ + ના | | | |
| | (A) પ્રાર્થના | (B) પ્રઅર્થના | (C) પરઅર્થના | (D) પ્રાથના |
| 102. | 'જયાં જયાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની' – આ પંક્તિનો છંદ ઓળખાવો. | | | |
| | (A) ઝૂલણાં | (B) હરિગીત | (C) સવૈયા | (D) અનુષ્ટુપ |

Downloaded from www.rijadeja.com

103. નીચેના શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો.

ક્રીડા

(A) દુ:ખ (B) સુખ (C) રમત (D) બગીચો

104. નીચેના પૈકી કઈ કઈ જોડણી સાચી છે?

(A) વીસંવાદ (B) વિસંવાદ (C) વીસવાંદ (D) વિસવાંદ

**નીચેનો ગદ્યખંડ વાંચી તે ગદ્યખંડ અંગેના પ્રશ્ન ક્રમાંક 105 થી 108 ઉત્તર લખો.**

આપણે આધુનિક ઇતિહાસકારોની જુદી જાતી એટલી જ ગંભીર દુર્દશાનો વિચાર કરીએ. પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસકારો પાસે વર્ષો સુધી ચળાઈ ચળાઈને બાકી રહેલી અને સરળતાથી ઉપયોગમાં લઈ શકાય તેવો ઐતિહાસિક હકીકતોનો ભંડાર પડેલો છે અને તેને માટે તેણે આ બધાનો ઋણસ્વીકાર કરવો જોઈએ. પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસલેખન સાથે સંકળાયેલા મારા સાથીદારોની ઉચ્ચક્ષમતા વિશે મને જ્યારે અદેખાઈ આવે છે ત્યારે પુનઃવિચાર કરતા મને આશ્વાસન મળે છે કે તાના વિષયના અજ્ઞાનને કારણે જ તેઓ આટલી ક્ષમતા પ્રાપ્ત કરી શકયા છે. આધુનિક ઇતિહાસકારને આવા કોઈ સંચિત અજ્ઞાનનો લાભ મળતો નથી. પોતાના તદ્દન નજીકના સમય વિશે લખતી વખતે તેણે આ જરૂરી અજ્ઞાન કેળવવું જોઈએ.

105. આ ગદ્યખંડ કયા વિષય બાબતે છે ?

(A) ઈતિહાસભેદ (B) ઈતિહાસલેખન (C) ઈતિહાસવિમર્શ (D) ઈતિહાસ સમીક્ષા

106. લેખકને મધ્યકાલીન ઈતિહાસકારોની અદેખાઈ નીચે પૈકીના કયા ગુણને કારણે આવે છે ?

(A) બુદ્ધિશાળી છે (B) ઉચ્ચક્ષમતા છે (C) જ્ઞાની છે (D) સાધારણ છે

107. આધુનિક ઈતિહાસકારો શેનાથી વંચિત રહે છે ?

(A) સંચિત જ્ઞાનથી (B) પુરાવાથી (C) જ્ઞાનથી (D) સંચિત અજ્ઞાનથી

108. આધુનિક ઈતિહાસકારે કઈ કેળવણી પ્રાપ્ત કરવી જોઈએ ?

(A) જ્ઞાનની (B) પુરાવાની (C) ઉચ્ચક્ષમતાની (D) અજ્ઞાનની

**નીચેનો ગદ્યખંડ વાંચી તે ગદ્યખંડ અંગેના પ્રશ્ન ક્રમાંક 109 થી 112 ના ઉત્તર લખો.**

શિક્ષકોને પારખવાની માણસને ઓળખવાની શક્તિ તેમનામાં અદ્ભૂત હતી ભાઈકાકા સાચા અર્થમાં માનવમનના માણીગર, વિશ્વકર્મા હતા. શિક્ષક એવો હોવો જોઈએ કે ગમે તેવા રૉ મટિરિયલને પણ કંડારી શકે, સજાવી શકે તે જ સાચો શિક્ષક. ઉપરાંત જેનામાં ત્યાગની ભાવના હોય. વળી શિક્ષણનું સ્તર ઊંચું લાવવું હોય તો પહેલાં તેના કર્ણધાર એવા શિક્ષકને સંતોષ મળે તેમ કરવું જોઈએ એવો તેમણે સદાય આગ્રહ સેવ્યો હતો. ખુમારીવાળા, ખમીરવંતા, વિદ્વાન અને ટકોરાબંધ શિક્ષકો જ શિક્ષણમાં ગૌરવ વધારી શકે તેની તેમને ખાતરી હતી. આ બધું સાચવવાનું સામાન્ય વ્યવસ્થાપકનું ગજું નથી. અસામાન્ય એવા ચિંતક કેળવણીકાર ભાઈકાકા સિવાય આવા ઉદાત્ત વિચારો ભાગ્યે જ કોઈનામાં જોવા મળે. વળી તેઓ કેવળ વિચાર કરીને જ બેસી રહેનારા ન હતા. તેઓ વિચારને અમલમાં મૂકનાર ભાવુક

Downloaded from www.rijadeja.com

| | |
|---|---|
| | હૃદયી, ઉદારદિલ અને દીર્ઘદ્રષ્ટા દૃષ્ટિવંત ચિંતક હતા. શિક્ષક વૈશ્યવૃત્તિ રાખે એ દુઃખદ ઘટના છે. કર્મનિષ્ઠ શિક્ષક વિદ્યાર્થીનું ભાવિ એ પોતાનું ઉત્તરદાયિત્વ છે એટલું જે સમજે ત્યાં શિક્ષણનું ગૌરવ છે. |
| 109. | શિક્ષકની વ્યાખ્યા કઈ છે ?<br>(A) રો મટિરિયલને કંડારી શકે (B) રો મટિરિયલને સજાવી શકે<br>(C) રો મટિરિયલને કંડારી-સજાવી શકે (D) રો મટિરિયલને સજાવી-કંડારી ન શકે. |
| 110. | કયા વિચાર ફેરીને ભાઈકાકા બેસી નથી રહેતા ?<br>(A) ભવ્ય વિચાર (B) ભાવુક વિચાર (C) શુદ્ધવિચાર (D) ઉદાત્ત વિચાર |
| 111. | શિક્ષક કઈ વૃત્તિ રાખે તે દુઃખદ ગણાય ?<br>(A) અધમ વૃત્તિ (B) અજ્ઞાની વૃત્તિ (C) વેપારી વૃત્તિ (D) કનિષ્ઠ વૃત્તિ |
| 112. | શિક્ષકનું ઉત્તરદાયિત્વ શું છે ?<br>(A) વૈશ્ય વૃત્તિ (B) શિક્ષણનું ભાવિ (C) કર્મનિષ્ઠા (D) વિદ્યાર્થીનું ભાવિ |
| 113. | નીચેના પૈકી કઈ કહેવત 'ધીરજથી સારું કામ થાય' એવો અર્થ આપતી નથી ?<br>(A) ઉતાવળે આંબા ન પાકે (B) ધીરજના ફળ મીઠાં<br>(C) પાકે ઘડે કાંઠા ન ચડે (D) ઉતાવળા સો બાવરા ને ધીરા સો ગંભીર |
| 114. | નીચેના પૈકી કઈ કહેવત 'અલ્પજ્ઞાની જ વિદ્વતાનો ડોળ કરે' એવો અર્થ નથી આપતી ?<br>(A) અધૂરો ઘડો છલકાય (B) ઊજળું એટલું દૂધ નહીં<br>(C) ખાલી ચણો વાગે ઘણો (D) ખોટો રૂપિયો ચળકે ઘણો |
| 115. | નીચેના વાક્યમાં વિશેષણ કયું છે ?<br>મીઠા ઝાડના મૂળ કાઢવા એ માનવતા નથી.<br>(A) મીઠા (B) મૂળ (C) માનવતા (D) ઝાડ |
| 116. | નીચેનામાંથી કયું જોડકું સાચું છે ?<br>(A) બીડું ઝડપવું – પડકાર ઝીલવો<br>(B) લાલપીળા થવું – ખૂબ હસવું<br>(C) વિસ્મૃતિ થવી – યાદ કરવું<br>(D) રાવ કરવી - પ્રશંસા કરવી |
| 117. | 'ખાંડાની ધારે ચાલવું' રૂઢિપ્રયોગનો અર્થ દર્શાવો.<br>(A) તલવારની ધાર પર ચાલવું (B) બહાદુરી દર્શાવવી<br>(C) ખૂબ મુશ્કેલ પરિસ્થિતિમાં જીવવું (D) ખૂબ ગૂઢ કરવું |
| 118. | 'કોઠે પડવું' રૂઢિપ્રયોગનો અર્થ દર્શાવો.<br>(A) દુઃખી થઈ જવું (B) સ્વાભાવિક થઈ જવું<br>(C) માથે પડવું (D) મુશ્કેલ પરસ્થિતિમાં રહેવું |
| 119. | 'અછોવાનાં કરવાં' નો અર્થ સ્પષ્ટ કરો.<br>(A) ઘરમાંથી કાઢી મૂકવું (B) આળપંપાળ કરવી (C) ગુસ્સે થવું (D) અપશબ્દ બોલવા |

Downloaded from www.rijadeja.com

| | |
|---|---|
| 120. | 'ચીનનો શાહુકાર' રૂઢિપ્રયોગનો અર્થ દર્શાવો<br>(A) પાકો ગઠિયો (B) દૃષ્ટ માણસ (C) ચીન દેશનો વેપારી (D) ચતુર સુજાણ |
| 121. | 'ગોળના પાણીએ નહાવું' રૂઢિપ્રયોગનો અર્થ આપો.<br>(A) ગળ્યા પાણીથી સ્નાન કરવું (B) છેતરાવું<br>(C) ધંધામાં ફાયદો થવો (D) ધાર્યા કરતાં ઊંધું થવું |
| | પ્રશ્ન ક્રમાંક 122 થી 125 માં આપેલ ફકરો વાંચી ફકરાની નીચે પૂછવામાં આવેલ પ્રશ્નનો ઉત્તર લખો.<br><br>દુનિયાના સાહિત્ય - ઈતિહાસોમાં સ્વભાષા સિવાયની ભાષાના સાહિત્યમાં અમર સ્થાન મેળવનારાઓનાં ગણ્યા ગાંઠ્યા દૃષ્ટાંતો મળે છે. કાકાસાહેબ તેમાંનું એક છે. |
| 122. | કાકાસાહેબ કાલેલકર કઈ ભાષાના સાહિત્યમાં અમર સ્થાન પામ્યા છે. ?<br>(A) મરાઠી ભાષાના (B) સ્વભાષાના (C) અંગ્રેજી ભાષાના (D) પરભાષાના |
| | જીવવા ખાતર જીવવું એ તો કાગડા-કૂતરાનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ પોતાનું જીવન સાર્થક કરે છે. જે બીજાના માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે |
| 123. | કોનું જીવન નિરર્થક છે ?<br>(A) જે પરોપકાર કરે છે તેનું જીવન નિરર્થક છે.<br>(B) જીવવા ખાતર જીવે છે તેનું જીવન નિરર્થક છે.<br>(C) જે સૃષ્ટિનું કલ્યાણ કરે છે તેનું જીવન નિરર્થક છે.<br>(D) જે પરોપકાર કરતો નથી તેનું જીવન નિરર્થક છે. |
| | વૃક્ષો અન્યના સુખને માટે છાંયડી આપે છે પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. |
| 124. | આ ગદ્યખંડમાં શાનું મહત્વ બતાવાયું છે ?<br>(A) મનુષ્યનું (B) પરોપકારનું (C) વૃક્ષોનું (D) છાંયડાનું |
| | "એકાગ્રતાની શક્તિ જેમ વધુ ને વધુ કેળવાતી જશે તેમ વધુ ને વધુ જ્ઞાનપ્રાપ્તિ થતી જશે. જ્ઞાનપ્રાપ્તિનો આ જ માત્ર ઉપાય છે" – સ્વામી વિવેકાનંદ |
| 125. | જ્ઞાનપ્રાપ્તિનો એકમાત્ર ઉપાય કયો છે ?<br>(A) એકાગ્રતાની શક્તિ (B) એકાગ્રતાની શક્તિ વધુ ને વધુ કેળવવી એ<br>(C) એકાગ્રતાની શક્તિનો ઉપયોગ કરવો. (D) એકાગ્રતાની શક્તિને અગત્યતા આપવી |
| 126. | નીચે દર્શાવેલી કહેવતોમાંથી કઈ કહેવત જુદી પડે છે ?<br>(A) સંગ તેવો રંગ (B) જેવા સાથે તેવા (C) સોબત તેવી અસર (D) સાચને નહીં આંચ |

| | |
|---|---|
| 127. | "સાપને ઘેર સાપ પરોણો" કહેવતનો અર્થ શું થાય ?<br>(A) સજ્જનો સાથે સજ્જનોનો મેળાપ થવો. (B) સજ્જન વ્યક્તિના ઘેર સાપ નીકળવો.<br>(C) સજ્જનો સાથે દુર્જનોનો મેળાપ થવો (D) દુર્જનો સાથે દુર્જનોનો મેળાપ થવો. |
| 128. | નીચેના પૈકી કઈ કહેવત 'સ્વભાવ કદી બદલાતો નથી' એવો અર્થ આપતી નથી?<br>(A) કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી (B) લોભે લક્ષણ જાય<br>(C) પ્રાણ ને પ્રકૃતિ સાથે જાય (D) દોરડી બળે પણ વળ ન મૂકે |
| 129. | 'સમજ્યા વગર ખોટી આસ્થા હોવી તે' શબ્દસમૂહ માટે સમુચિત સામાસિક શબ્દ કયો છે ?<br>(A) અશ્રદ્ધા (B) અંધશ્રદ્ધા (C) અલ્પશ્રદ્ધા (D) અર્ધશ્રદ્ધા |
| 130. | નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ જણાવો.<br>તિમિર<br>(A) તેજ (B) સંધ્યાકાળ (C) ભળભાંખળું (D) અંધારું |
| 131. | 'ગર્ભશ્રીમંત' – સમાસનો પ્રકાર દર્શાવો.<br>(A) દ્વન્દ્વ (B) કર્મધારય (C) તત્પુરુષ (D) મધ્યમપદલોપી |
| 132. | નીચેના શબ્દસમૂહ માટેનો સાચો શબ્દ જણાવો.<br>અભિમાનથી ફુલાઈ જનાર<br>(A) ફુલણશી (B) અભિમાની (C) સ્વાભિમાની (D) મિથ્યાભિમાની |
| 133. | શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.<br>જરૂર પૂરતું જ ખાનાર<br>(A) ઓછું ખાનાર (B) અલ્પાહારી (C) મિતાહારી (D) નિરાહારી |
| 134. | નીચેના પૈકી કયા શબ્દની જોડણી ખોટી છે ?<br>(A) ઊગમ (B) આરજૂ (C) અર્વાચીન (D) ઉપાધી |
| 135. | નીચે દર્શાવેલ સંધિ માટેનો સાચો શબ્દ જણાવો.<br>નિઃ + દોષ<br>(A) નિરદોષ (B) નીર્દોસ (C) નિર્દોષ (D) નીર્દોષ |
| 136. | 'હું તમને કશું ન કહું'. (કર્મણિ વાકય કયું છે ?)<br>(A) હુંથી તમને કહેવાય ન કશું. (B) તમને મારાથી કંઈ ન કહેવાય.<br>(C) મારાથી તમને કશું કહેવાય નહિ. (D) તમારાથી હું કશું ન કહું. |
| 137. | નીચેના પૈકી કયો શબ્દ 'ધન'નો પર્યાય નથી ?<br>(A) નિર્જર (B) અર્થ (C) વસુ (D) વિત્ત |
| 138. | નીચેના પૈકી કયો શબ્દ 'તલવાર'નો સમાનાર્થી નથી ?<br>(A) અસિ (B) ચન્દ્રહાસ (C) કરતાલ (D) કરવાલ |
| 139. | અનુષ્ટુપ છંદના દરેક ચરણમાં કેટલા અક્ષર હોય છે.<br>(A) આઠ (B) ચાર (C) દસ (D) બાર |

Downloaded from www.rijadeja.com

140. નીચેના પૈકી કયો શબ્દ 'જંગલ'નો સમાનાર્થી નથી ?

(A) અરણ્ય (B) ઉપવન (C) કાંતાર (D) રાન

141. નીચેના પૈકી કયો શબ્દ 'ગંગા'નો સમાનાર્થી નથી ?

(A) કાલિન્દી (B) જાહ્નવી (C) ભાગીરથી (D) મંદાકિની

142. કયો શબ્દ 'કામદેવ'નો સમાનાર્થી નથી ?

(A) કંદર્પ (B) મનોજ (C) રજનીશ (D) મન્મથ

143. નીચેના પૈકી કયો શબ્દ 'ઈચ્છા'નો પર્યાયવાચી નથી ?

(A) સ્પૃહા (B) કામના (C) ઝંખના (D) પ્રમોદ

144. નામને બદલે પ્રયોજાય તેને શું કહેવામાં આવે છે. ?

(A) વિશેષ (B) વિશેષણ (C) સર્વનામ (D) ક્રિયાવિશેષણ

145. નીચે દર્શાવેલ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો.

વિહંગ

(A) વિહંગ (B) તુરંગ (C) સુરંગ (D) પક્ષી

146. નીચે દર્શાવેલ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો.

થાપણ

(A) પારકુંધન (B) મૂડી (C) અનામત (D) અમાનત

147. નીચે દર્શાવેલ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો.

શૃંગ

(A) શીંગડું (B) શૃંગાર (C) શિખર (D) સિંગાર

148. નીચેના વાક્યમાં લીટી દોરેલા શબ્દમાં રહેલા વિશેષણનો પ્રકાર જણાવો.

આ પ્રશ્નપત્ર ત્રણ કલાકનું છે.

(A) સંખ્યાવાચક (B) ક્રમવાચક (C) માનવાચક (D) ગુણવાચક

149. નામના અર્થમાં વધારો કરે તેને શું કહેવાય છે. ?

(A) સર્વનામ (B) ક્રિયાપદ (C) કૃદંત (D) વિશેષણ

150. 'શ્રીમાન' કયા પ્રકારનો શબ્દ છે ?

(A) તદ્ ભવ (B) દેશ્ય (C) વિદેશી (D) તત્સમ

Downloaded from www.rijadeja.com